જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૫/૦૧/૨૦૨૧ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૨૯/૨૦૨૧

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૪/૦૧/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૧૦૬ | ૦ | ૧૧૧૦૬ | ૧૭૨૩૬ | ૦ | ૧૭૨૩૬ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૬૯૩ | ૨ | ૪૬૯૫ | ૬૨૧૬ | ૨ | ૬૨૧૮ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૬૩ | ૦ | ૬૩ | ૨૬૦ | ૦ | ૨૬૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૨૫૭૬૮ | ૨૯૯ | ૨૬૦૬૭ | ૨૬૯૮૫ | ૨૮૦ | ૨૭૨૬૫ |
| | કુલ | ૪૧૬૩૦ | ૩૦૧ | ૪૧૯૩૧ | ૫૦૬૯૭ | ૨૮૨ | ૫૦૯૭૯ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૬૨ | ૧૬,૮૧,૪૫૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૯૬૯ | ૩૯,૬૯,૦૦૦/- |

# મોબાઈલ સ્નેચીંગ/ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## ક્રાઈમ બ્રાન્ચ

## અગાઉ લુંટ/વાહનચોરીમાં પકડાયેલ ઈસ્તીયાક અહેમદ ઉર્ફે હલેલો ઉર્ફે હટેલો ઉર્ફે ફટાકડી ઉર્ફે મોગલીને ૭ મોબાઈલ તથા એવીએટર ટુ વ્હિલર મળી કુલ કિંમત રૂ.૫૮૦૦૦/-ની મત્તાના મુદ્દામાલ સાથે પકડી મોબાઈલ સ્નેચીંગ/ચોરીના કુલ-૭ ગુન્હાનાઓ ભેદ ઉકેલતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ

અમદાવાદ શહેર વિસ્તારમાં મોબાઈલ સ્નેચીંગ/ચોરીના ગુન્હાઓ બનવા પામેલ હોય આવા ગુન્હાઓનો ભેદ ઉકેલવા સારૂ ઉપરી અધિકારીશ્રીઓ તરફથી સુચના આપવામાં આવેલ હોય, જે સુચના આધારે પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી આર.એસ.સુવેરા નાઓના સ્કોડના પો.સ.ઈ. શ્રી એસ.જે.વાઘેલા તથા પો.સ.ઈ. શ્રી વાય.જી.ગુર્જર નાઓ સ્કોડના માણસો સાથે આવા ગુન્હાઓ શોધવા માટે પ્રયત્નશીલ હતા. દરમિયાન તા.૦૪/૦૧/૨૦૨૧ ના રોજ સ્ટાફના એ.એસ.આઈ. મહંમદયુનુસ અસગરઅલી તથા હે.કો.નરેન્દ્રસિંહ શીવઅધારસિંહ નાઓને મળેલ બાતમી હકીકત આધારે સારંગપુર સર્કલ બ્રિજ પાસેથી આરોપી:- ઈસ્તીયાક અહેમદ ઉર્ફે હલેલો ઉર્ફે હટેલો ઉર્ફે ફટાકડી ઉર્ફે મોગલી સ/ઓ મુસ્તાક અહેમદ સફીમહંમદ શેખ ઉ.વ.૩૦ રહે:મ.નં.૨ ઝોયા ડુપ્લેક્ષ સફી લાલા દરગાહની પાછળ ઘોડાના તબેલાની બાજુમાં મકરબા-સરખેજ રોડ વેજલપુર અમદાવાદ શહેર નાને પકડી તેની પાસેથી

(૧) વીવો વી-૯ મોબાઈલ કિં.રુ.૫૦૦૦/-
(૨) વીવો 1811 મોબાઈલ કિં.રુ.૫૦૦૦/-
(૩) વીવો વાય-15 મોબાઈલ કિં.રુ.૫૦૦૦/-
(૪) સેમસંગ મોબાઈલ કિં.રુ.૫૦૦૦/-
(૫) સેમસંગ જે-૮ મોબાઈલ કિં.રુ.૮૦૦૦/-
(૬) વીવો વી-૯ મોબાઈલ કિં.રુ.૫૦૦૦/-
(૭) વીવો 1904 મોબાઈલ કિં.રુ.૫૦૦૦/-
(૮) એવીએટર જી.જે. 27 એસ 8251 કિરૂ. ૨૦,૦૦૦

મળી કુલ કિં.રૂ.૫૮૦૦૦/-ની મત્તાનો મુદ્દામાલ સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ કબજે લઇ આરોપીને તા.૦૪/૦૧/૨૦૨૧ ના કલાક ૧૭/૧૫ વાગે સીઆરપીસી કલમ ૪૧(૧)ડી મુજબ અટક કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ. આરોપીને ગોમતીપુર પો.સ્ટે. સોંપવા તજવીજ કરેલ છે.

**આ કામે આરોપીની પુછપરછ તપાસ દરમ્યાન નીચે મુજબના ગુનાઓની કબુલાત કરેલ છે**

(૧) આજથી સત્તર દિવસ પહેલા સવારના બાપુનગર ગુજરાત હાઉસીંગ બોર્ડના એક મકાનની ખુલ્લી બારીમાં પડેલ કાળા કલરનો સેમસંગ કંપનીનો મોબાઈલ ફોન ચોરી કરેલ.

(૨) આજથી એકાદ માસ પહેલા સાંજના એવીયેટર ઉપર ગોમતીપુર મરીયમબીબી ચાર રસ્તાથી સિલ્વર ચોકી તરફના રોડ ઉપરથી એક ઈસમના હાથમાંથી મોબાઈલ ફોન ઝુંટવી ચોરી કરેલ.

(૩) આજથી એકાદ માસ પહેલા સાંજના મીઠાખળી છ રસ્તા નવરંગપુરા એક ઈસમની નજર ચુકવી કાળા કલરનો સેમસંગ મોબાઈલ ફોન ચોરી કરેલ.

(૪) સોળેક દિવસ પહેલા મોડી રાતના દાણીલીમડા બિસ્મીલ્લા રો- હાઉસની સામે આવેલ રાહિ રો-હાઉસના એક મકાનની ઓસરીમાં ચાર્જીંગમાં પડેલ મોબાઈલ ફોન ચોરી કરેલ.

(૫) છ એક દિવસ પહેલા બપોરના ગોમતીપુર પટેલ મીલ બી.આર.ટી.એસ. સ્ટોપથી પુષ્પક એસ્ટેટ જવાના રોડ ઉપરથી એક ઈસમના હાથમાંથી મોબાઈલ ફોન ઝુંટવી ચોરી કરેલ.

(૬) પચ્ચીસ દિવસ પહેલા બપોરના ગીતામંદિર એસ.ટી બસ સ્ટેન્ડ પેસેન્જરોની ભીડમાંથી એક પેસેન્જરના ખિસ્સામાંથી મોબાઈલ ફોન ચોરી કરેલ.

(૭) સાતેક દિવસ પહેલા સાંજના એવીયેટર ઉપર જઈ બાપુનગર સોનેરીયા બ્લોકની સામે રોડ ઉપરથી એક ઈસમના હાથમાંથી મોબાઈલ ફોન ઝુંટવી ચોરી કરેલ.

## શોધાયેલ ગુન્હા:

(૧) ગોમતીપુર પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૮૨૧૦૦૧૮/૨૦૨૦ ઈ.પી.કો કલમ ૩૭૯(એ)(૧)

(૨) ગોમતીપુર પો.સ્ટે ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૮૨૧૦૦૧૯/૨૦૨૦ ધી ઈ.પી.કો કલમ ૩૭૯(એ)(૧)

(૩) નવરંગપુરા પો.સ્ટે એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૬૨૧૦૦૧૯/૨૦૨૦ ધી ઈ.પી.કો કલમ ૩૭૯

(૪) બાપુનગર પો.સ્ટે એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૧૦૦૭૨૧૦૦૧૮/૨૦૨૦ ધી ઈ.પી.કો કલમ ૩૭૯

(૫) દાણીલીમડા પો.સ્ટે એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૨૨૧૦૦૨૫/૨૦૨૦ ધી ઈ.પી.કો કલમ ૩૭૯

## આરોપીનો ગુન્હાહિત ઈતિહાસ:

(૧) સને-૨૦૧૧ માં વેજલપુર પો.સ્ટે મો.સા. ની બેટરી ચોરી

(૨) સને-૨૦૧૨ માં વટવા પો.સ્ટે. માં રોકડ રૂપિયાની ચોરી

(૩) સને-૨૦૧૬ માં પાલડી પો.સ્ટે. માં રીક્ષા ચોરી

(૪) સને-૨૦૧૭ માં કાગડાપીઠ પો.સ્ટે. માં રીક્ષા ચોરીમાં તથા મો.સા. ચોરી

(૫) ઈસનપુર પો.સ્ટે મો.સા. ચોરી

(૬) ખોખરા પો.સ્ટે. માં રીક્ષા ચોરી

(૭) સને-૨૦૧૮ માં સરખેજ પો.સ્ટે મો.સા. ચોરી

(૮) કાલુપુર પો.સ્ટે. માં લુંટ કેસમાં પકડાયેલ છે.

(૯) દરીયાપુર પો.સ્ટે. માં લુંટ કેસમાં પકડાયેલ છે.
(૧૦) પાલડી પો.સ્ટે. માં લુંટ કેસના-૨ ગુનામાં પકડાયેલ છે.
(૧૧) આનંદનગર પો.સ્ટે. માં લુંટ કેસમાં પકડાયેલ છે.
(૧૨) સને-૨૦૧૯ માં ગોમતીપુર પો.સ્ટે. માં લુંટ કેસમાં પકડાયેલ છે.
(૧૩) બાપુનગર પો.સ્ટે મોબાઈલ ચોરીમાં પકડાયેલ છે.
(૧૪) વટવા પો.સ્ટે. માં મોબાઈલ ફોન લુંટમાં પકડાયેલ છે.
(૧૫) ખોખરા પો.સ્ટે. માં મોબાઈલ ફોન લુંટના ગુનામાં પકડાયેલ છે.
(૧૬) વટવા જી.આઈ.ડી.સી. પો.સ્ટે. માં મોબાઈલ ફોન લુંટમાં પકડાયેલ છે.
(૧૭) નવરંગપુરા પો.સ્ટે. માં મોબાઈલ ફોન લુંટના ગુન્હામાં પકડાયેલ છે.

તેમજ ૨ વખત ભુજ જેલ તથા રાજકોટ જેલમાં સજા કાપી ચુકેલ છે.






# પાસા અટકાયતની વિગત

## વટવા પોલીસ સ્ટેશન

## વટવામાં ખુલ્લી તલવારો સાથે જાહેરમાં નિકળેલ ગેંગના સાગરિત તથા અન્ય એક શરીર સંબંધી એમ કુલ્લે-૨(બે) આરોપીઓને પાસા હેઠળ અટકાયત કરતી વટવા પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ શ્રી ગૌતમ પરમાર સાહેબ નાઓની સુચના આધારે તેમજ નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ શ્રી એ.એમ.મુનીયા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર 'જે' ડીવીઝન શ્રી રાજપાલસિંહ રાણા સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર એચ.વી.સીસારા નાઓની સુચના આધારે વટવા પો.સ્ટે. ખાતે દાખલ થયેલ વટવા વિસ્તારમાં ખુલ્લી તલવારો સાથે નિકળેલ આરોપીઓ પૈકી ગેંગના સાગરિત તથા અન્ય ગુનાઓના એક શરીરસબંધી એમ કુલ- ૨(બે) આરોપીઓ વિરુદ્ધ પાસા દરખાસ્ત મોકલી આપતા મે.પો.કમિ.શ્રી નાઓએ પાસા હુકમ કરતા સર્વેલન્સ સ્કોર્ડના સ્ટાફના માણસોએ બંન્ને પાસાના આરોપીઓને વટવા પો.સ્ટે. ખાતે લાવી રજુ કરતા આરોપીઓને પાસા અટકાયત કરી નીચે મુજબ પાસા હુકમની બજવણી કરેલ છે.

⇨ અ.નં. (૧) પરવેઝ મોહમદહનીફ અબ્દુલરસીતખાન જાતેપઠાણ રહે સઈદાભાઈની ચાલી સીલીકોન વેલીની સામે સૈયદવાડી વટવા અમદાવાદ શહેર નાઓ વિરુધ્ધ વટવા પોલીસ સ્ટેશન ખાતે (૧) પાર્ટ-એ-૧૧૧૯૧૦૦૩૮૨૦૦૮૪૩/૨૦ ધી ઈપીકો કલમ- ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૪૨૭, ૨૧૨, ૧૧૪ તથા જીપી એક્ટ કલમ- ૧૩૫(૧) મુજબ તથા (૨) પાર્ટ-એ-૧૧૧૯૧૦૦૩૮૨૦૦૮૪૪/૨૦ ધી ઈપીકો કલમ- ૪૫૨, ૪૨૭, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૨૧૨, ૧૧૪ તથા જીપી એક્ટ કલમ- ૧૩૫(૧) મુજબના ગુનાઓમાં આરોપીએ વટવા વિસ્તારમાં જાહેરમાં તલવારો લઈ તોડ ફોડ કરી નુકસાન કરેલ અને વિસ્તારમાં રહેતા લોકો દહેશતમાં હોય જેથી સદરી આરોપી વિરુદ્ધ મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ સમક્ષ પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ કચેરીના પાસા અટકાયતી હુકમ ક્રમાંક - પીસીબી/ડીટીએન/પાસા/૨૯/૨૦૨૧ તા.૦૪/૦૧/૨૦૨૧ ના રોજ પાસા હુકમ કરેલ હોય આરોપીને તા.૦૪/૦૧/૨૦૨૧ ના કલાક ૨૨/૩૫ વાગે પાસા હુકમની બજવણી કરી આરોપીને મધ્યસ્થ જેલ લાજપોર - સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.



અ.નં. (૨) મોહસીન ઉર્ફે બછડા સલીમભાઈ અલ્લારખાભાઈ જાતે-શેખ ઉવ.૨૮ રહે- બ્લોક નં.૩૬/૧૧૪૫, સદભાવના નગર ચાર માળિયા, વટવા, અમદાવાદ શહેર નાઓ વિરુધ્ધ વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં શરીરસબંધી ગુનાઓ કરવાની ટેવવાળો હોય અગાઉ પણ સદરી આરોપી વિરુદ્ધમાં પાસા જેવા અટકાયતી પગલા લેવા છતા શરીરસબંધી ગુનાઓ કરી વિસ્તારમાં લોકોમાં દહેશત ફેલાવતો હોય સદરી આરોપી વિરુદ્ધ (૧) વટવા પો.સ્ટે. ખાતે પાર્ટ-એ-૧૧૧૯૧૦૦૩૮૨૦૧૧૫૨/૨૦૨૦ ધી ઈપીકો કલમ- ૩૨૪, ૨૯૪(ખ), ૧૧૪ તથા ધી જીપી એક્ટ કલમ- ૧૩૫ મુજબ તથા (૨) વટવા પો.સ્ટે. ખાતે પાર્ટ-એ-૧૧૧૯૧૦૦૩૮૨૦૧૪૪૮/૨૦૨૦ ધી ઈપીકો કલમ- ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨) તથા ધી જીપી એક્ટ કલમ- ૧૩૫ મુજબ ના ગુનાઓમાં પકડાયેલ આરોપી વિરુદ્ધ દરખાસ્ત મોકલી આપતા મે.પો.કમિ. શ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક- પીસીબી/ડીટીએન/પાસા/૨૮/૨૦૨૧ તા.૦૪/૦૧/૨૦૨૧ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને તા.૦૪/૦૧/૨૦૨૧ ના કલાક ૨૨/૦૫ વાગે પાસા હુકમની બજવણી કરી આરોપીને ખાસ જેલ પાલારા ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.



## ચાંદખેડા પોલીસ સ્ટેશન

## પ્રોહીબિશન પાસા અટકાયત હેઠળ સુરત (લાજપોર) મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપતી ચાંદખેડા પોલીસ

મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૧ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નરાશ્રી એલ.ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમાં પ્રોહી/જુગારની પ્રવૃત્તિ સદંતર નેસ્ત નાબુદ કરવા સુચના કરેલ હોય જે આધારે અત્રેના ચાંદખેડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવા ગુનાઓ આચરતા ઈસમો ઉપર સતત વોચ રાખી અત્રેના પોલીસ સ્ટેશન ખાતે ગુ.ર.નં.૧૧૧૯૧૦૦૮૨૦૦૧૨/૨૦૨૦ પ્રોહી કલમ ૬૬(બી)૬૫(એ)(ઈ)૯૮(૨) મુજબના ગુનાના કામના આરોપી જયેશ સરવણ નટ ઉ.વ.૨૯ રહે-બ્લોક નં.૧૬/૨૦૫ ઔડાના મકાન ચાર માળીયા LIG કેશવ એપાર્ટમેન્ટ ની બાજુમાં ટી.પી.૪૪ ચાંદખેડા અમદાવાદ શહેર નાનો પોલીસથી ચોરી છુપી દેશીદારુ ૧૨૦/ લીટર કિ.રૂ.૨૪૦૦/ તથા મો.ફોન નંગ-૧ કિ.રૂ.૧૫,૦૦૦/- તથા ઓટોરીક્ષા નં. GJ.01.TE.8914 કિ. રૂ.૪૫,૦૦૦/-ની મળી કુલ્લે કિ.રૂ.૬૨૪૦૦/- ના મુદ્દામાલ સાથે મળી આવેલ હોય અને સદરી આરોપીની આવી પ્રવૃતિ પ્રોહી કલમ ૯૩ કે જી.પી.એક્ટ કાયદાની સામાન્ય જોગવાઇઓ અનુસાર તાત્કાલીક અટકાવી શકાય તેમ ન હોય જેથી સદરી આરોપી વિરૂધ્ધમાં પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશનર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓને મોકલી આપતા મે.પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર નાઓએ હુકમ ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૩૩/૨૦૨૧ તા.૦૪/૦૧/૨૦૨૧ થી સદરી આરોપીને સુરત લાજપોર મધ્યસ્થ જેલ ખાતે પાસા અટકાયતમાં રહેવાનો હુકમ કરેલ હોય સદરી આરોપીને આજરોજ તા.૦૪/૦૧/૨૦૨૧ કલાક ૨૨/૨૫ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે સુરત લાજપોર મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપેલ છે.

## કામગીરી કરનાર કર્મચારી

(૧) હે.કો. નિખિલેશ દિપકકુમાર બ.નં.૮૫૩૯
(૨) પો.કોન્સ. ગુણવંતસિંહ અજીતસિંહ બ.નં.૬૬૭૮
(૩) પો.કોન્સ. પ્રકાશભાઇ કાંતીભાઇ બ.નં.૧૩૧૬૭



## પીસીબી

## “ઓઢવ પો.સ્ટે વિસ્તારમાં ટેન્કરો માથી ગે.કા. રીતે કેમીક્લની ચોરી કરતા બે આરોપીઓને કુલ્લે રુપિયા ૫૩,૭૧,૧૦૦/- ના મુદામાલ સાથે ઝડપી પાડતી પી.સી.બી.”

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા કેમીકલ તથા ઓઈલ ચોરીના કેશો શોધવા સારૂ સારૂ સુચના આપેલ જે સુચના આધારે પીસીબી પોલીસ ઈન્સપેકટર શ્રી એચ.કે.સોલંકી નાઓ માર્ગદર્શન હેઠળ મોડી રાત્રે પો.સ.ઈ.શ્રી એ.ડી.ચાવડા તથા સ્ટાફના એ.એસ.આઇ. જશવંતસિંહ બળદેવસિંહ, એ.એસ.આઇ. ધનરાજસિંહ માનસિંહ, અ.હેડ.કોન્સ. અ.હેડ.કોન્સ. જામસિંહ રણુભા, અ.હેડ.કોન્સ. ચેતનસિંહ નટવરસિંહ, અ.હેડ.કોન્સ. મહેન્દ્ર વાસુદેવ, અ.પો.કોન્સ. પ્રિયવદન જયંતીલાલ વિગેરે માણસો સાથે પેટ્રોલીગમાં હતા દરમ્યાન એ.એસ.આઈ. ધનરાજસિંહ માનસિંહ તથા અ.હેડ.કોન્સ. મહેન્દ્ર વાસુદેવ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીક્ત આધારે ઓઢવ વિસ્તાર મા આવેલ શેડ નં.૨૪૫, શ્રી ક્રિષ્ણા ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, પામ હોટલ સામે, સરદાર પટેલ રીંગ રોડ, અમદાવાદ ખાતે રેઈડ કરતા બે આરોપીઓ (૧) કનૈયા પહવારી યાદવ ઉ.વ.૨૯, રહે. હાલ. શેડ નં.૨૪૫, શ્રી ક્રિષ્ણા ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, પામ હોટલ સામે, સરદાર પટેલ રીંગ રોડ, ઓઢવ, અમદાવાદ તથા મુળ ગામ. ખાલગાંવ, તા. પંચ દેવરી, જી. ગોપાલગંજ, બિહાર (૨) દિનેશ કાનસિંગ દેવડા ઉ.વ.૪૦, રહે. હાલ. શેડ નં.૨૪૫, શ્રી ક્રિષ્ણા ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, પામ હોટલ સામે, સરદાર પટેલ રીંગ રોડ, ઓઢવ, અમદાવાદ તથા મુળ ગામ. આસીંદ, ગાંધી હોસ્પિટલની સામે, જી. ભીલવાડા, રાજસ્થાન નાઓને ૩૨ મેટ્રીક ટન કોસ્ટીક સોડા લાય કેમીકલ કિંમત રૂ.૩,૨૦,૦૦૦/- તથા અન્ય મુદામાલ મળી કુલ્લે રુપિયા રૂ.૫૩,૭૧,૧૦૦/- ની મત્તાના મુદ્દામાલ સાથે પકડી પાડી તેઓ વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી ઓઢવ પો.સ્ટે. ખાતે એ પાર્ટ ગુરન ૧૧૧૯૧૦૩૭૨૧૦૦૩૧/૨૦૨૧ ઈપીકો કલમ ૩૭૯ઈ ૪૦૭, ૪૧૧, ૧૨૦બી ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

## પકડાયેલ આરોપીઓ :

(૧) કનૈયા પહવારી યાદવ ઉ.વ.૨૯, રહે. હાલ. શેડ નં.૨૪૫, શ્રી ક્રિષ્ણા ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, પામ હોટલ સામે, સરદાર પટેલ રીંગ રોડ, ઓઢવ, અમદાવાદ તથા મુળ ગામ. ખાલગાંવ, તા. પંચ દેવરી, જી. ગોપાલગંજ, બિહાર (૨) દિનેશ કાનસિંગ દેવડા ઉ.વ.૪૦, રહે. હાલ. શેડ નં.૨૪૫, શ્રી ક્રિષ્ણા ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, પામ હોટલ સામે, સરદાર પટેલ રીંગ રોડ, ઓઢવ, અમદાવાદ તથા મુળ ગામ. આસીંદ, ગાંધી હોસ્પિટલની સામે, જી. ભીલવાડા, રાજસ્થાન

## વોન્ટેડ આરોપી :

સુરજીતસિંગ પાલસિંગ મહાર રહે. માધવ બંગલોઝ, વસ્ત્રાલ, અમદાવાદ.

## પકડાયેલ આરોપીઓની એમ.ઓ.:

આ કામે પકડાયેલ બન્ને આરોપીઓ તથા વોન્ટેડ આરોપી એકબીજાના મેળાપીપણા મા પોતાના આર્થિક ફાયદા સારુ ગુનાહિત કાવતરુ રચી ટ્રાન્સપોર્ટના ટેન્કરોમાં વેપારીઓના ઓર્ડર મુજબ બહારથી કોસ્ટીક સોડા લાય કેમીકલ ભરી લાવી, પોતાના શેડ નં.૨૪૫, શ્રી ક્રિષ્ના ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, પામ હોટલ સામે, સરદાર પટેલ રીંગ રોડ, ઓઢવ, અમદાવાદ ખાતે ટેન્કરો મુકી રાખી, તેમાંથી કોસ્ટીક સોડા લાયના જથ્થાની ચોરી કરતા હતા.

## ગુનાની જગ્યા :

શેડ નં.૨૪૫, શ્રી ક્રિષ્ના ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, પામ હોટલ સામે, સરદાર પટેલ રીંગ રોડ, ઓઢવ, અમદાવાદ ખાતેથી.

## પકડાયેલ મુદામાલ :

(૧) ૩૨ મેટ્રીક ટન કોસ્ટીક સોડા લાય કેમીકલ કિંમત રૂ.૩,૨૦,000/- (૨) ત્રણ ટેન્કર કિંમત રૂ.૫૦,00,000/-, (૩) તુટેલ હાલતનુ સીલ કિંમત રૂ.00/-, (૪) બોલ્ટ ખોલવાના પાના નંગ-૨, (૫) પાઇપ નંગ-૨ કિંમત રૂ.00/-, (૬) મોબાઇલ ફોન નંગ-૨ કિંમત રૂ.૨૦,000/-, (૭) રોકડા નાંણા રૂ.૩૧,૧00/-,(૮) આધારકાર્ડની કોપી કિંમત રૂ.00/- મળી કુલ કિંમત રૂ.૫૩,૭૧,૧00/- ની મત્તાનો મુદ્દામાલ



## " વાડજ પો.સ્ટે વિસ્તારમાં વિદેશી દારુની બોટલો નંગ-૧૫૨ કિ.રૂ. ૫૯,૦૦૦/ સાથે કુલ્લે રુપિયા ૩,૫૯,૦૦૦/- નો મુદામાલ ઝડપી પાડતી પી.સી.બી."

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે સુચના આધારે પીસીબી પોલીસ ઈન્સપેકટર શ્રી એચ.કે.સોલંકી નાઓના માર્ગદર્શન હેઠળ આજરોજ વહેલી સવારે સ્ટાફના અ.હે.કો.વિજયસિહ હિન્દુજી, અ.હે.કો. યોગેન્દ્રસિહ હઠીસિહ, અ.હે.કો.મયુરધ્વજસિહ રાજેન્દ્રસિહ, અ.હે.કો. મુકેશભાઈ રામાભાઈ તથા અ.હે.કો. શૈલેષભાઈ દેવાભાઈ વિગેરે માણસો પેટ્રોલીગમાં હતા દરમ્યાન અહેકો અહેકો મુકેશભાઈ રામાભાઈ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીક્ત આધારે વાડજ ૧૩૨ ફુટ રોડ ઉપર આવેલ વિશ્રામપાર્ક એપાર્ટમેન્ટ સામે આવેલ મેટ્રો રેલના પ્રોજેકટના પતરાની અંદર રેનોલ્ડ ક્વીડ કાર નંબર જી.જે.૨૭ બી.ઈ.૦૧૭૧ની ડેકી માથી ભારતીય બનાવટના વિદેશી દારુની બોટલો નંગ ૧૧૮ કિ.રુ.૫૯,૦૦૦/ મળી કુલ્લે રુપિયા ૩,૫૯,૦૦૦/ નો મુદામાલ પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી વાડજ પો.સ્ટે. ખાતે પાર્ટ સી ૧૧૧૯૧૦૨૩૨૧૦૦૧૬.૨૦૨૧ પ્રોહિ એક્ટ કલમ ૬૬(બી), ૬૫(એ)(ઇ), ૧૧૬(બી),૯૮(૨) મુજબ ગુનો રજીસ્ટર કરાવવા તજવીજ કરવામા આવેલ છે.

### વોન્ટેડ આરોપી:

(૧)આશીષ હિતેન્દ્રભાઈ પરમાર  રહે.ચાંદખેડા અમદાવાદ

### ગુનાની જગ્યા :

વાડજ ૧૩૨ ફુટ રોડ ઉપર આવેલ વિશ્રામપાર્ક એપાર્ટમેન્ટ સામે આવેલ મેટ્રો રેલના પ્રોજેકટના પતરાની અંદર

### પકડાયેલ મુદામાલ :

(૧) ભારતીય બનાવટના વિદેશી દારુની બોટલો નંગ ૧૧૮ કિ.૫૯ê૦૦૦/ (૨) રેનોલ્ડ ક્વીડ કાર નંબર જી.જે.૨૭ બી.ઈ.૦૧૭૧ કિ.રૂ.૩,૦૦,૦૦૦/ મળી  કુલ્લે રૂ.૩,૫૯,૦૦૦/ મતાનો મુદામાલ



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૦/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૧૪૩ લીટર દેશી દારૂ, ૨ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૨,૧૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૧/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૩૨/૨૦૨૧**

**વાડજઃ** બાબુલાલ ભીખાભાઇ પટેલ (ઉ.વ.૬૦) (રહે. મંગલમુર્તિ સોસાયટી કરણનગર રોડ કડી તા.કડી જી.મહેસાણા) એ તા.૦૪/૦૧/૨૦૨૧ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૧૦/૨૦૧૭ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) મનીષભાઇ અરવિંદભાઇ ભટ્ટ (રહે. શ્રીનાથ એપાર્ટમેન્ટ નવાવાડજ અમદાવાદ) અને (૨) વિજય દેવીદાસ ખાંડે (રહે. આર.કે.એપાર્ટમેન્ટ લાઈબ્રેરી રોડ દાદરાનગર વેસ્ટ મુંબઇ મહારાષ્ટ્ર) એ ભેગા મળી બાબુલાલ પટેલના પુત્ર તથા પુત્રવધુ નાઓના યુ.એસ.એ.ના વિઝા ચાલીસ દિવસમાં કરાવી આપવાનુ કહી સો રૂપિયાના સ્ટેમ્પ ઉપર લખાણ કરી રૂપિયા ૧૦,૦૦,૦૦૦/- મેળવી લઈ વિઝા નહી કરાવી રૂપિયા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.આર.ચાવડા ચલાવે છે.

**ખોખરાઃ** કિર્તીભાઈ સોમાભાઈ પ્રજાપતિ (રહે.ચુનીલાલ પાર્ક સી.ટી.એમ એક્સ્પ્રેસ હાઈવે સામે ખોખરા) એ તા.૦૪/૦૧/૨૦૨૧ ના રોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી હિતેશભાઈ રમેશભાઈ ઠુંમ્મર (રહે.રોયલ એપાર્ટમેન્ટ ત્રીજો માળ અવધ રેસીડેન્સીની બાજુમાં જકાતનાકા સુરત, મુળ રહે.ગામ સરસીયા તા.ધારી જી.અમરેલી) કિર્તીભાઈ પ્રજાપતી પાસેથી માહે સપ્ટેમ્બર/૨૦૨૦ થી ઈકો ગાડી ભાડુ અપાવવાની વાત કરી ભાડા પેટે મુકાવી ઈકો ગાડી કિમત રૂપિયા ૨,૫૦,૦૦૦/- લઈ જઈ જેનુ ભાડુ નહી ચુકવી તેમજ ઇકો ગાડી પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એન.ચુડાસમા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૩૩/૨૦૨૧**

**વેજલપુરઃ (૧)** યાસીનભાઈ સ/ઓ ઉમરભાઈ સૈયદ (રહે. બાગે તબસ્સુમ સોસાયટી કૈફ મસ્જીદની બાજુમાં ફતેહવાડી) એ તા.૦૪/૦૧/૨૦૨૧ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૧/૨૦૨૦ રાતના ૦૦/૩૦ થી તા.૦૪/૦૧/૨૦૨૦ રાતના ૧/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૮૪,૦૦૦/-, ઘડીયાળ નંગ-૪ કિમત રૂપિયા ૩,૫૦૦/- અને રોકડ રૂપિયા ૩,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪,૮૭,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ ઈ.પો.ઈ.શ્રી એમ.જી.ડામોર ચલાવે છે.

**વેજલપુરઃ (૨)** ઇમ્તીયાઝભાઇ રસુલભાઇ અજમેરી (રહે.સુકુન સોસાયટી-૨ સોનલ સિનેમા સામે વેજલપુર રોડ વેજલપુર) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૧/૨૦૨૧ કલાક ૧૨/૦૦ થી તા.૦૪/૦૧/૨૦૨૧ બપોરના ૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનમાંથી સોનાની બુટ્ટી અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૩૫,૦૦૦/- તથા સાહેદ પાડોશી પરવીનબેનના ઘરમાથી સોના-ચાદીના દાગીના કિમત રૂપિયા ૧,૪૭,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.પી.સોનારા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૩૪/૨૦૨૧**

**વેજલપુરઃ** નીરવભાઇ કનુભાઇ ચૌહાણ (ઉ.વ.૩૯) (રહે. ક્રિષ્ણાનગરી ફ્લેટ એસ.બી.આઇ. બેંકની બાજુમા મકરબા રોડ વેજલપુર) એ તા.૦૪/૦૧/૨૦૨૧ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે નીરવભાઈના મકાનનુ રિનોવેશનનુ કામ ચાલુ હોઈ નીરવભાઈના મકાનનો સામાન વેજલપુર મકરબા રોડ ક્રિષ્ણાનગરી ફ્લેટ મકાન નંબર ડબલ્યુ/૧ ખાતે રહેતા સબંધી માસીના ઘરે મુક્યો હતો અને રિનોવેશનની કામગીરી (૧) રાજુભાઇ મેરાભાઇ ભાભોર અને (૨) કમળાબહેન રાજુભાઇ ભાભોર (બન્ને રહે. નંદી ફળીયુ આગવાડા તા.જી. દાહોદ) કરતા હતા. અને સબંધીના ઘરે જ રહેતા હતા. જેઓ તા.૦૨/૦૧/૨૦૨૧ ના અઠવાડીયા પહેલાના સમયગાળા દરમ્યાન નીરવભાઈના સબંધી માસીના ઘરનો દરવાજો ચાવીથી ખોલી ઘરમાં પ્રવેશ કરી લાકડાના ખુલ્લા કબાટમાંથી મંગળસુત્ર પેડલ સાથે કિમત રૂપિયા ૫૦,૦૦૦/-, સોનાની બુટ્ટી એક જોડ કિમત રૂપિયા ૨૫,૦૦૦/-, સોનાના નાના પેડલ નંગ-૮ તથા નાના બાળકોની વીટી નંગ-૪ કિમત રૂપિયા ૨૫,૦૦૦/-, ચાંદીની લકી નંગ-૩ કિમત રૂપિયા ૫૦૦૦/- અને રોકડ રૂપિયા ૧૮,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૨૩,૦૦૦/- ચોરી કરી લઈ નાસી ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.વણઝારા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૩૫/૨૦૨૧**

**ખોખરાઃ** સુંદરરાજ કૃષ્ણનભાઇ નાયકર (ઉ.વ.૫૮) (રહે. યાદવનગર નવા બસ ડેપો પાછળ ખોખરા) એ બિમારીથી કંટાળી તા.૦૪/૦૧/૨૦૨૧ કલાક ૧૦/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે બારીમાં દોરી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એન.ચુડાસમા ચલાવે છે.

**ઓઢવઃ** ભવરલાલ પ્રતાપજી સેન (ઉ.વ ૫૦) (રહે. વૈભવનગર સોસાયટી પુષ્પક રેસીડન્સી પાછળ આદિનાથનગર ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૧/૨૦૨૧ કલાક ૧૧/૩૦ થી ૧૨/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે છતના લોખંડના પાઇપ સાથે સાલ બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.બી.ચૌહાણ ચલાવે છે.

**રામોલઃ** નિલેશભાઇ હસમુખભાઇ પટેલ (ઉ.વ.૪૯) (રહે. પાર્થ રો હાઉસ નિરાંત ચાર રસ્તા પાસે વસ્ત્રાલ) એ આર્થિક સંકડામણને કારણે તા.૦૪/૦૧/૨૦૨૧ કલાક ૬/૩૦ વાગ્યાના સુમારે સુરેલીયા સર્કલ પાસે રીટાનગર બસ સ્ટેન્ડ સામે શિવશકિત કોમ્પલેક્ષમાં દુકાન નંબર-૩ સાંઇ સેલ્સ નામની અગરબતીની પોતાની દુકાન ખાતે દુકાનમાં પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અમૃતભાઇ મોહનભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી